# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૭ તા.૨૩-૧-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ,

**વિષય :- તા.૨૫ જાન્યુઆરી-૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી નિમિત્તે પ્રતિજ્ઞા લેવા બાબત**

**સંદર્ભ :- ક્રમાંક :પીઆરઈ/૧૨૧૫/૨૦૯/ક શિક્ષણ વિભાગ,સચિવાલય ગાંધીનગર તા.૨૨-૧-૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવામાં આવે છે કે, **સેકશન અધિકારીશ્રી,શિક્ષણ વિભાગે** તા.૨૫-૧-૧૫ના રોજ **''રાષ્ટ્રીય મતદાતા દિન''**ની ઉજવણી કરવાનું સૂચન કરેલ છે.તે મુજબ શાળામાં ઉજવણી અંગે યોગ્ય વ્યવસ્થા કરી વધુ ને વધુ લોકો આ ઉજવણીમાં ભાગ લે તે રીતે આયોજન કરવું.ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કરેલ છે.જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની છે.દરેક મ્યુનિ.શાળાઓના વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા આ પ્રતિજ્ઞા વિશે સમજ આપવી.તથા તે પ્રમાણે પ્રતિજ્ઞા લે તેવું આયોજન કરવું.નીચે જણાવ્યા મુજબની અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં પ્રતિજ્ઞા લેવડાવવાની રહેશે. **તા.૨૫-૧-૧૫ના રોજ જાહેર રજા હોવાથી તા.૨૪-૧-૧૫ના રોજ દરેક શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રતિજ્ઞા વિશે સમજ આપવામાં આવે તથા તે પ્રમાણે પ્રતિજ્ઞા પણ લે તે મુજબનું આયોજન કરવું.**

## મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે,ભારતના નાગરિકો લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની મુક્ત,ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું.તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ,વંશ,જ્ઞાતિ,જાતિ,ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

## VOTERS PLEDGE

We,the citizens of India,having abiding faith in democracy,hereby pledge to uphold the democratic traditions of out country and the dignity of free,fair and peaceful elections,and to vote in every election fearlessly and without being influenced by considerations of religion,race,caste,community,language or any inducement.

તા.૨૩-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૮ તા.૨૩-૦૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-તા.૩૦-૧-૧૫ના રોજ 'મહાત્માગાંધી નિર્વાણ દિન નિમિત્તે 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ :-ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆરઈ/૧૨૧૫/૨૧૦૨/ક તા.૨૧-૧-૧૫**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી તરફથી ૩૦ મી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ 'મહાત્માગાંધી નિર્વાણદિન' નિમિત્તે 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. તે સંદર્ભે ઉપરોકત સંદર્ભિત પત્રના દરેક મુદ્દાનો ચોકસાઈપૂર્વક અભ્યાસ કરી સ્પર્ધાના હેતુ પરિપૂર્ણ થાય તે મુજબ તમારી શાળામાં 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષય પર વિદ્યાર્થીઓ ભાગ લે તેવું આયોજન કરવાનું રહેશે. આ સ્પર્ધા માટે સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા મુજબના માર્ગદર્શન / સૂચનો ઉપરાંત નીચે મુજબની બાબતો ધ્યાને લઈ તમામ શાળાઓએ ચિત્ર સ્પર્ધાનું સુચારૂરૂપે આયોજન કરવાનું રહેશે.

૧. શાળા સ્વચ્છતા હવે રૂટીન કાર્ય સ્વરૂપે હોવું જોઈએ. તેમ છતાં તા.૨૭-૧-૧૫ થી ૨૯-૧-૧૫ સુધી શાળાના તમામ ભાગો જેવાં કે વર્ગખંડો, લોબીઓ, ધાબુ, સેનીટેશન, શાળાની બહારનો વિસ્તાર વગેરે ભાગોની સ્વચ્છતાનું આયોજન કરવાનું રહેશે. બાળકોની વ્યક્તિગત સફાઈ અંગે પણ તકેદારી રાખવી.

૨. સ્પર્ધાના દિવસે ઉપરોકત સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા મુજબના સમયે જ સ્પર્ધાની તૈયારી,બે મીનીટનું મૌન, સ્વચ્છતા અંગેના શપથ તેમજ સ્પર્ધા યોજવાની રહેશે.સ્વચ્છતા અંગેના શપથનો નમુનો પરિપત્ર નં.૮૨ તા.૧-૧૦-૧૪ માં આપેલ છે.

૩. મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની શાળાની જરૂરિયાત મુજબ તા.૨૭-૧-૧૫ સુધીમાં સામગ્રી ખરીદી લેવાની રહેશે. જેનો અંદાજિત ખર્ચ નીચે મુજબનો રહેશે અને આ અંગેનું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે. તે સીઆરસી.કો.ઓ.ને આપી દેવાનું રહેશે.

| ક્રમ | વિગત | અંદાજિત કિંમત |
|---|---|---|
| ૧ | ડ્રોઈંગ પેપર ૧૧'' X ૧૫'' કવાર્ટસ સાઈઝ ૧ નંગ | ૧.૫૦ રૂા. |
| ૨ | ઓઈલ પેસ્ટર કલર ૨૪ નંગ | ૬૫ રૂા. |
| ૩ | પેન્સિલ ૧ નંગ | ૩ રૂા. |
| ૪ | રબર પ્લાસ્ટો ૧ નંગ | ૧ રૂા. |
| ૫ | રબર નોનડસ્ટ ૧ નંગ | ૩ રૂા. |
| ૬ | ઓઈલ પેસ્ટર કલર ૧૨ નંગ | ૧૩ રૂા. |
| ૭ | વેકસક્રેઓન કલર ૧૨ નંગ | ૧૦ રૂા. |
| ૮ | પોસ્ટર વોટર કલર ૧૪ નંગ | ૧૫૩ રૂા. |
| ૯ | પોસ્ટર વોટર કલર ૬ નંગ | ૬૩ રૂા. |
| ૧૦ | કલર ડીસ ૧ નંગ | ૫ રૂા. |
| ૧૧ | કલર બ્રશ(પીંછી) ૩ નંગ | ૧૦ રૂા. |

૪. ડ્રોઈંગ પેપર પર શાળાનું નામ, તારીખ,વિદ્યાર્થીનું નામ અને ધોરણ લખાય તેની તકેદારી રાખવી.

૫. આ દિવસે બપોરપાળીની તમામ શાળાઓનો સમય સવારના ૧૦-૦૦ થી ૩-૩૦ સુધીનો રહેશે.

૬. બે પાળીમાં ચાલતી શાળાઓ કે એક જ બિલ્ડીંગમાં બેસતી એક થી વધુ શાળાઓએ ચિત્ર સ્પર્ધા માટે બાળકોને બેસાડવાની વ્યવસ્થા અંગે સુચારું આયોજન કરવાનું રહેશે.

૭. બાળકોએ દોરેલ ચિત્રો સાચવીને અલગ કોથળીમાં બીજી સૂચના ન મળે ત્યાં સુધી રાખવા.ધો.૧ થી ૫નાં પ્રથમ ૩ નંબરના અને ધો.૬ થી ૮નાં પ્રથમ ૩ નંબરના ચિત્રો વિજેતા બાળકોના નામ અને નંબરની યાદી સાથે સી.આર.સી.કો.ઓ.ને મોકલી આપવાના રહેશે.

૮. ચિત્ર સ્પર્ધાના દિવસે દરેક મુ.શિક્ષકશ્રીએ શાળાનું નામ આવે તે રીતે અને બાળકો ચિત્ર દોરતા હોય તે રીતનો વિડીયો ક્લીપીંગ કરી સી.આર.સી.કો.ઓ.ને મોકલવાનો રહેશે.

૯. તમામ શાળાઓએ આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮ની હાજર સંખ્યાની વિગત સહિતનું પ્રમાણપત્ર તા.૩૦-૧-૧૫ના રોજ આપવાનું રહેશે.

૧૦. ઉપરોક્ત સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા મુજબ ધો.૧ થી ૫ની શાળાઓને રૂ.૨૫૦૦/-, ધો.૬ થી ૮ને રૂ.૨૫૦૦/- અને ધો. ૧ થી ૮ની શાળાઓને રૂ.૫૦૦૦/- ફાળવવામાં આવશે. આ નાણાં મુ.શિ.શ્રીના ખાતામાં જમા ન થયા હોય તો તેવા સંજોગોમાં પણ તેમને ફાળવવામાં આવનાર રકમ મુજબની શાળાની વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ મહત્તમ ખર્ચ કરવાનો રહેશે.

૧૧. તમારી શાળામાં વિદ્યાર્થીઓની ક્રમશઃ ધોરણવાર યાદીની કોમ્પ્યુટરાઈઝડ કોપી એમ.એસ.એક્સલમાં અંગ્રેજીમાં ટાઈમ્સ ન્યુ રોમનમાં ફોન્ટમાં ૧૨ની સાઈઝમાં અને ટાઈટલ સાઈઝ ૧૮ની રાખી કેપીટલ અક્ષરમાં નીચે મુજબના કોલમમાં તૈયાર કરી તા.૨૭-૧-૧૫ ના રોજ બપોરે ૩-૦૦ સુધીમાં સી.આર.સી.કો.ઓ.શ્રીને મોકલી આપવાની રહેશે.

| URC | Cluster | School Name | Std | Sr.No | Student's Name | Remarks |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૧૨. સવારપાળી માટે મધ્યાહન ભોજનનો સમય ૯-૩૦ વાગ્યાનો રાખવો અને બપોરપાળીની શાળાઓનો મધ્યાહન ભોજનનો સમય રાબેતા મુજબનો રાખવાનો રહેશે.

૧૩. આ દિવસે સ્કૂલ બોર્ડના તમામ સી.આર.સી., યુ.આર.સી. તેમજ તમામ અધિકારીશ્રીઓ-પદાધિકારીશ્રીઓ શાળાની મુલાકાતે આવશે.

તા.૨૩-૦૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે ................................. શાળા નં...... માં ગાંધીનિર્વાણ દિન નિમિત્તે યોજાનાર‘મહાત્મા ગાંધી અને સફાઈ’ વિષય પર યોજાનાર ચિત્ર સ્પર્ધામાં .............પ્રાથમિક વિભાગ અને ................ ઉચ્ચ પ્રાથમિકના કુલ ............... વિદ્યાર્થીઓ ભાગ લેનાર છે. તે માટે જરૂરી સાહિત્ય શાળા પાસે ઉપલબ્ધ થઈ ગયેલ છે.

તારીખ :-

સમય :-

આચાર્યશ્રીની સહી
આચાર્યશ્રીનું નામ
સહી / સિકકો
મોબાઈલ નંબર

30મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિને ચિત્ર સ્પર્ધા રાખવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૨૧૫/૨૧૦૨/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૧/૦૧/૨૦૧૫

આ મુ ખ :

રાજય સરકાર તરફથી તા.30મી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર વિધાર્થીઓમાં સફાઇ અંગેના ખ્યલો વિકસે, જાતે જ સફાઇ કરવા પ્રેરાય તથા જીવનમાં તેનું નિરુપણ થાય તેવા હેતુથી એક ચિત્ર સ્પર્ધા યોજવાનું આયોજન કરવાનું નકકી કરેલ છે. આ સ્પર્ધાનું આયોજન સુચારુરુપે થાય તે હેતુથી તે અંગેની એક કાર્યપધ્ધતિ નિયત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ --

તા.30મી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કેન્દ્રીય વિધાલયો, સી.બી.એસ.સી., આઇ.સી.એસ.ઇ., એકલવ્ય મોડેલ શાળાઓ, નવોદય વિધાલયો, ઉચ્ચ શિક્ષણની તમામ કોલેજો, ટેકનીકલ શિક્ષણની તમામ કોલેજો, તમામ પોલીટેકનીકો તથા આઇ.ટી.આઇ. ઉત્સાહ ભેર ભાગ લે તેવી અપેક્ષા છે.

(૧) સ્પાર્ધાનો હેતુ

(અ) વિધાર્થીઓમાં સફાઇ અંગેના ખ્યાલો વિકસે (બ) વિધાર્થીઓ જીવનમાં સફાઇ-સ્વચ્છતાનું મૂલ્ય સમજે અને તેમના જીવનમાં આ અંગેનું નિરુપણ થાય.

(ક) વિધાર્થીઓ પોતાનું કાર્ય પોતે કરે અને તેમનામાં જાતે જ સફાઇ કરવાના ગુણ વિકસે તે પ્રયોજનછે.

(૨) ચિત્ર સ્પર્ધાનું થીમ :-

(અ) મહાત્મા ગાંધીજીના સફાઇ-સ્વચ્છતા અંગેના ખ્યાલો જેવા કે,શાળા સફાઇ, મેદાન સફાઇ, સેનીટેશન અને વ્યકિતગત સફાઇને ધ્યાનમાં લઇને ચિત્ર દોરવાનું ઇચ્છનીય છે તેમજ તેને અનુરુપ સુવાકય (શકય હોય ત્યાં સુધી)

D P E @ I T . P M . 2 0 1 5

લખી શકાશે જેનાથી સમાજમાં ગામની સફાઇ, જાહેર સ્થળોની સફાઇ જેવા કે, શાળા-કોલેજો, પંચાયત ઘર,દવાખાના, દુધ ડેરીઓ, સહકારી મંડળીના મકાનો, પુસ્તાકાલયો, જાહેર શૌચાલયો વિગેરેની સ્વચ્છતા સ્વયં ગ્રામજનો કરે તે અંગેના ખ્યાલો સમાજમાં વિકસે તેને લગતા ચિત્રો વિધાર્થીઓ દોરે તે જરૂરી છે. વિધાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી શિક્ષક પણ ચિત્ર દોરી શકશે.

(૩) **સ્પર્ધાની તૈયારી અને તેમાં ભાગ લેનાર વિધાર્થીઓ**

સરકારી પ્રાથમિક શાળા અને અનુદાનિત પ્રાથમિકશાળા માટે આપવાની થતી ચિત્ર સ્પર્ધા અંગેની સામગ્રી માટે ધો.૧ થી ૫ માટે રૂ.૨૫૦૦ અને ધો.૧ થી ૮ માટે રૂ.૫૦૦૦ અને સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે રૂ.૫૦૦૦ આપવામાં આવશે. આ રકમમાંથી શાળાના આચાર્યશ્રીએ જરૂરી સાધન-સામગ્રી, કાગળ, સ્કેચ પેન, કલર, ક્રેયોન કલર, વોટર કલર વિગેરેની ખરીદી કરવાની રહેશે. આ ખરીદી સમયસર નિયમોનુસાર કરવાની રહેશે અને વિદ્યાર્થીઓને સાધન-સામગ્રી મળી રહે તેની વ્યવસ્થા કરવાની રહેશે.

(અ) **સ્પર્ધાની તૈયારી**

(૧) ૧૦-30 થી ૧૧-૦૦ કલાક દરમ્યાન ચિત્ર સ્પર્ધાની તૈયારી રુપે પેન્સિલ ડ્રોઇંગ પેપર, સ્કેચ પેન, ક્રેયાન કલર, વોટર કલર તેમજ અન્ય જરુરી ચીજ વસ્તુઓ પુરી પડવાની રહેશે.

(૨) ૧૧-૦૦ કલાકે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે બે મીનીટનું મૌન પાળવાનું રહેશે.

(૩) શિક્ષકો તથા વિધાર્થીઓએ સ્વચ્છતા અંગેના શપથ લેવાના રહેશે.

(૪) ૧૧-૧૫ થી ૧૨-૧૫ સુધી ૧ કલાકમાં વિધાર્થીઓએ સ્પર્ધા દરમ્યાન ચિત્ર દોરવાનું રહેશે.

(બ) **સ્પર્ધામાં નીચે મુજબના બાળકો/વિધાર્થીઓએ ભાગ લેવાનો રહેશે.**

(૧) રાજયની તમામ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓ

(૨)નવોદય, કેન્દ્રીય વિધાલય, સી.બી.એસ.ઇ.,આઇ.સી.એસ.ઇ.,એકલવ્ય મોડેલ શાળાના વિધાર્થીઓ

(૩) સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિધાર્થીઓ તેમજ બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓ

(૪)આઇ.ટી.આઇ.ના વિધાર્થીઓ

(૫) ઉચ્ચ શિક્ષણની તમામ કોલેજો તથા પોલીટેકનીક અને ટેકનીકલ શિક્ષણની કોલેજના વિધાર્થીઓ ભાગ લેશે જે માટે અલગ રીતે ઉચ્ચ શિક્ષણ

કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા ક્રમાંક-મકમ/ઇએસસી-૪/૨૦૧૫/૫૯૭-૧૦૬૬ થી પરિપત્ર કરવામાં આવેલ છે.

(અ) ધો.૧ થી ૫ ના તમામ વિધાર્થીઓએ પેન્સિલ, સ્કેચપેન, ક્રેયોન કલરનો ઉપયોગ કરીને ચિત્રો દોરવાના રહેશે.

(બ) ધો.૬ થી ૮ કે તેથી ઉપરના વિધાર્થીઓએ સ્કેચપેન,ક્રેયોન કલર કે વોટર કલરથી ચિત્રો દોરવાના રહેશે.

(ક) શાળા/કોલેજોના વિધાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે તે માટેની જરુરી વ્યવસ્થા શાળા/કોલેજના આચાર્યશ્રીએ કરવાની રહેશે.

સ્પર્ધાનું આયોજન-

રાજયની તમામ શાળા/કલેજોમાં તા. ૩૦ મી જાન્યુઆરી-૨૦૧૫ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે વિધાર્થીઓને ચિત્ર સ્પર્ધાની તૈયારી રુપે કલર કાગળ તેમજ અન્ય જરુરી વસ્તુઓ પુરી પાડવાની રહેશે. સવારે ૧૧-૦૦ કલાકે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ૨ મીનીટનું મૌન પડવાનું રહેશે.ત્યારબાદ શિક્ષકો અને વિધાર્થીઓએ સ્વચ્છતા અંગેના શપથ લેવાના રહેશે. શપથ અંગેની વિગતો અલગ રીતે આપવામાં આવશે. ત્યારબાદ ૧૧-૧૫ કલાકથી ૧૨-૧૫ કલાક સુધી ૧ કલાકમાં ચિત્ર સ્પર્ધા રાખવાની રહેશે. જે શાળામાં બે પાળી ચાલતી હોય તેમણે આ સમયમાં સ્પર્ધા યોજાય તે માટે એડજસમેન્ટ કરવાનું રહેશે.

ઇનામો સંખ્યા--(પ્રાથમિક વિભાગ (લોઅર પ્રાયમરી-અપર પ્રાયમરી)

| ક્રમ | વિગત | પ્રથમ ઈનામ(રૂ.) | દ્વિતીય ઈનામ(રૂ.) | તૃતીય ઈનામ(રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ક્લસ્ટર લેવલ (ધો.૧ થી ૫) | ૭૫ | ૫૦ | ૨૫ |
| ૨ | ક્લસ્ટર લેવલ (ધો.૬ થી ૮) | ૧૦૦ | ૬૦ | ૪૦ |
| ૩ | તાલુકા લેવલ (ધો.૧ થી ૫) | ૧૨૫ | ૭૫ | ૫૦ |
| ૪ | તાલુકા લેવલ (ધો.૬ થી ૮) | ૧૭૫ | ૧૨૫ | ૧૦૦ |
| ૫ | જિલ્લા લેવલ (ધો.૧ થી ૫) | ૧૭૫ | ૧૨૫ | ૧૦૦ |
| ૬ | જિલ્લા લેવલ (ધો.૬ થી ૮) | ૩૦૦ | ૨૦૦ | ૧૦૦ |
| ૭ | રાજય લેવલ (ધો.૧ થી ૫) | ૧૦૦૦ | ૬૦૦ | ૪૦૦ |
| ૮ | રાજય લેવલ (ધો.૬ થી ૮) | ૧૦૦૦ | ૬૦૦ | ૪૦૦ |

**સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ માટે ઉપર મુજબ જ ઇનામોની સંખ્યાને ખર્ચની રકમ ગણતરીમાં લેવાની રહેશે.**

DPE@IT.PM.2015

ઇનામો સંખ્યા--(માધ્યમિક ઉ.મા. વિભાગ)

| ક્રમ | વિગત | સંખ્યા | વિજેતાની સંખ્યા | રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | તાલુકા લેવલ-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ | ૨૪૮ | ૩ | ૪૦૦ | ૨૯૭૬૦૦ |
| ૨ | જિલ્લા લેવલ-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ | ૩૩ | ૩ | ૬૦૦ | ૫૯૪૦૦ |
| ૩ | રાજય લેવલ-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ | ૧ | ૩ | ૨૦૦૦ | ૬૦૦૦ |

સ્વ-નિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે ઉપર મુજબ જ ઈનામોની સંખ્યાને ખર્ચની રકમ ગણતરીમાં લેવાની રહેશે.

ઉચ્ચ શિક્ષણની તમામ કોલેજો તથા પોલીટેકનીક અને ટેકનીકલ શિક્ષણની કોલેજના વિધાર્થીઓ ભાગ લેશે જે માટે અલગ રીતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા ક્રમાંક-મકમ/ઇએસસી-૪/૨૦૧૫/૫૯૭-૧૦૬૬ થી પરિપત્ર કરવામાં આવેલ છે.

મુલ્યાંકન સમિતિ--

| કક્ષા | ધો. ૧ થી ૮ | ધો.૯ થી ૧૨ |
|---|---|---|
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય સમિતિ નકકી કરશે જેમાં હાઇસ્કુલના ટીચર અને નિવૃત્ત શિક્ષકનો સમાવેશ કરવાનો રહેશે. | શાળા આચાર્ય સમિતિ નકકી કરશે. જેમાં એટીડી ટીચરને તથા નિવૃત્ત હાઇસ્કુલના ટીચરનો સમાવેશ કરવાનો રહેશે. |
| કલસ્ટર કક્ષાએ | સી.આર.સી. સમિતિ નકકી કરશે. | |
| તાલુકા કક્ષાએ | બી.આર.સી. સમિતિ નકકી કરશે.<br>(૧) ચિત્ર શિક્ષક (એટીડી) (ત્રણ) ટીચરનો પણ સમાવેશ કરવાનો રહેશે. | જીલ્લા શિક્ષણાધિકારીશ્રી સમિતિ નકકી કરશે. ચિત્ર શિક્ષક તથા નિવૃત્ત ટીચરનો સમાવેશ કરવાનો રહેશે. |
| જીલ્લા કક્ષાએ | જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમિતિ નકકી કરશે.<br>(૧) ચિત્ર શિક્ષક(એટીડી)(ત્રણ)<br>(૨) લલિત કલાકના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે. | જીલ્લા શિક્ષણાધિકારી સમિતિ નકકી કરશે.<br>(૧) ચિત્ર શિક્ષક(એટીડી)(ત્રણ)<br>(૨) લલિત કલા અકાદમીના એક સભ્યનો સમાવેશ કરવાનો રહેશે. |
| રાજય કક્ષાએ | આ સમિતિની રચના કમિશ્નરશ્રી શાળાએ નકકી કરવાની રહેશે. લલીત કલા અકાદમીના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે અને નિષ્ણાત ટીસર્ચનો સમાવેશ કરવાનો રહેશે. | |

શાળા સ્પર્ધાનું મુલ્યાંકન--

- શાળા કક્ષાએ પસંદ કરેલ પ્રથમ ત્રણ ચિત્રો પૈકી પ્રથમ ક્રમનું ચિત્ર ક્લસ્ટર કક્ષાએ મોકલવાના રહેશે.
- ક્લસ્ટર કક્ષાએ પસંદ કરેલ પ્રથમ ત્રણ ચિત્રો પૈકી પ્રથમ ક્રમનું ચિત્ર અને વિદ્યાર્થીઓના નામ/શાળાના નામ સાથે તાલુકા કક્ષાની સમિતિને મોકલવાના રહેશે.
- તાલુકા કક્ષાએ પસંદ કરેલ ત્રણ ચિત્રો પૈકી પ્રથમ ક્રમનું ચિત્ર અને વિદ્યાર્થીઓના નામ/શાળાના નામ સાથે જિલ્લા કક્ષાએ સ્પર્ધા માટે મોકલવાના રહેશે.
- જિલ્લા કક્ષાએથી પ્રથમ ત્રણ ચિત્રો પસંદ કરી તે પૈકી પ્રથમ ક્રમનું ચિત્ર અને વિદ્યાર્થીઓના નામ/શાળાના નામ સાથે રાજય કક્ષાએ મોકલવાના રહેશે.
- રાજય કક્ષાની સમિતિએ ત્રણ ચિત્રોને પસંદ કરવાના રહેશે.

મુલ્યાંકન માટેની સમયમર્યાદા--

- આ સ્પર્ધાના પ્રથમ ત્રણ ચિત્રો, શાળા અને વિદ્યાર્થીના નામ શાળા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધી નીચે મુજબની સમયમર્યાદામાં પહોંચાડવાની કાર્યવાહી કરવાની રહેશે.

| કક્ષા | તારીખ |
|---|---|
| શાળા કક્ષાએ | ૩૦/૦૧/૨૦૧૫ |
| ક્લસ્ટર કક્ષાએ | ૦૩/૦૨/૨૦૧૫ |
| તાલુકા કક્ષાએ | ૦૬/૦૨/૨૦૧૫ |
| જિલ્લા કક્ષાએ | ૧૦/૦૨/૨૦૧૫ |
| રાજ્ય કક્ષાએ | ૧૩/૦૨/૨૦૧૫ |

ઇનામોની રુપરેખા (પ્રાથમિક)

**માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળાઓ, આઇ.ટી.આઇ., કોલેજોનો સમાવેશ કરવાનો રહેશે.**

પ્રાથમિક વિભાગ/ઉચ્ચ પ્રાથમિક વિભાગ/માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ એમ ત્રણ વિભાગમાં સ્પર્ધાઓ શાળા કક્ષાએથી જ અલગ અલગ કરવાની રહેશે. ખાનગી સ્વ-નિર્ભર પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકના વિભાગો માટે આજ પ્રમાણે અલગથી ચિત્ર સ્પર્ધા કરવાની રહેશે અને તે પ્રમાણે સ્પર્ધાને મૂલ્યાંકન કરવાનું રહેશે અને રાજય સરકાર નક્કી કરે તે પ્રમાણે રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને કલસ્ટર

DPE@IT.PM.2015

કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર ચિત્ર સ્પર્ધકોને ઈનામો આપવામાં આવશે તેમજ પ્રમાણપત્રો આપવામાં આવશે. ઈનામ અને પ્રમાણપત્રો સંબંધિત શાળામાં પ્રાર્થના સભા કાર્યક્રમમાં આપવાના રહેશે.

- કોલેજો અને ટેકનીકલ કોલેજોનું સ્પર્ધાનું આયોજન કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ અને કમિશ્નરશ્રી ટેકનીકલ શિક્ષણે અલગથી કરવાનું રહેશે.
- ITI ના વિદ્યાર્થીઓની સ્પર્ધાનું આયોજન કમિશ્નરશ્રી શ્રમ અને રોજગારશ્રીએ કરવાનું રહેશે અને આ અંગે પ્રમાણપત્રો-ઈનામ આપવાનું આયોજન તેમની કક્ષાએથી કરવાનું રહેશે.

<u>આ અંગેની સામાન્ય સુચનાઓ નીચે મુજબ રહેશે.</u>

--સદર ચિત્ર સ્પર્ધા સંદર્ભે જીલ્લા કલેકટરશ્રી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ માર્ગદર્શન કરવાનું રહેશે અને આ વિષય શાળા કક્ષાએ આચાર્ય/શિક્ષક સુધી પહોંચે તે ખાસ કાળજી લેવાની રહેશે. સદરહું ચિત્ર સ્પર્ધાનું આઇ.ટી.આઇ., કોલેજો, પોલીટેકનીકો અને એન્જીનીયરીંગ કોલેજોમાં વિધાર્થીઓને ઉત્સાહભેર ભાગ લે તે માટે યુનિવર્સિટી કક્ષાએ ડીન સાથે બેઠકો થઇ જાય તેમજ આઇ.ટી.આઇ. માટે આઇ.ટી.આઇ.ના આચાર્યશ્રીઓની બેઠક થઇ જાય તેવું આયોજન કરવા અગ્રસચિવશ્રી(ઉ અને ટે.શિ.) અને અગ્રસચિવશ્રી (શ્રમ અને રોજગાર વિભાગ) ને વિનંતી કરવામાં આવે છે. જેથી કરીને આ સ્પર્ધાનું સુચારુ આયોજન થઇ શકે અને તે કોલેજના અધ્યાપકો પણ આયોજનમાં મદદરુપ થઇ શકે.

--સદરહું કાર્યક્રમમાં એસ.એમ.સી. ના સભ્યો પણ હાજર રહે તેમજ શૈક્ષણિક સંઘો, આચાર્ય સંઘો, શાળા સંચાલક મંડળને કેવી રીતે જોડી શકાય તે માટેનું આયોજન જીલ્લા કક્ષાએ મીટીંગ બોલાવીને આયોજન કરવાનું રહેશે.

--આ સ્પર્ધાના આગળના દિવસે શાળાઓમાં સફાઇ અંગેની કામગીરી થઇ જાય તે શાળાના આચાર્યશ્રીઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

--પ્રમાણપત્રો અને ઇનામોની વ્યવસ્થા માટે અલગથી ગ્રાન્ટ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જીલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવામાં આવશે.

--આ સ્પર્ધામાં કેટલા બાળકોએ ભાગ લીધો અને કેટલા બાળકો વિજયી બન્યા તેનો ફીડબેક નિયમકશ્રી પ્રાથમિકને આપવાનો રહેશે આ માટે સરકારશ્રી અધિકૃત કરે તેવી ટીમ જોવા પણ આવશે જે ધ્યાને લેવા વિનંતી છે.

--શાળા કક્ષાએ પ્રથમ આવનાર વિધાર્થીઓને ગામના આગેવાન ઇનામમાં યોગદાન આપી શકશે.

-- કલસ્ટર કક્ષાએ પ્રથમ આવેલ વિધાર્થીનું શાળા કક્ષાએ સન્માન થાય.

--ચિત્ર સ્પર્ધા માટે જરુરી સાધનસામગ્રી નિયત સમયમર્યાદામાં ખરીદાઇ જાય અને શાળા કક્ષા સુધી પહોંચી જાય તે તમામ શાળાના આચાર્યશ્રીઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એન.બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

D
P
E

ક્રમાંકઃપ્રાશિનિ./સંકલન/૨૦૧૫/૧૯૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન બ્લોકનં.૧૨/૧
ગુ.રા.ગાંધીનગર
તા.૨૧/૦૧/૨૦૧૫

૨/નકલ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે રવાના

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ